**Two Days Orientation Workshop on National eVidhan Application (NeVA) at**

**Gujarat Vidhan Sabha, Gandhinagar,Gujarat**




With the blessings of the Hon'ble Speaker of Gujarat Legislative Assembly, Shri Rajendrabhai Trivedi, two days orientation workshop for National eVidhan Application(NeVA), Mission Mode project of Ministry of Parliamentary Affairs(MoPA) on 26-27 November, 2018 was organized jointly by G.V. Mavalankar Parliamentary Bureau and I.T. Branch in the august presence of Dr.Satya Prakash, Joint Secretary, MOPA and NeVA Mission leader.




On first day of the workshop, in his inaugural speech, the Hon'ble Speaker emphasized on the importance of data and the processing of the same in this digital era of 21st century. In 21st century, person holding data will be considered a king in same way as monopoly of crude and petroleum in 20th century was prevalent. Data is new oil said the Hon'ble Speaker. In era where, there is ample amount of information available though in scattered manner, NeVA will provide precise and accurate information related to all the state assemblies of the country with click of a button.

Present in the workshop, Dr. Satya Prakash, Joint Secretary, MOPA and NeVA mission leader said that NeVA is capable of making procedures of all assemblies automated and paperless. He recognized and praised hard efforts put up by NeVA Gujarat team.

Shri A.B.Karova, Deputy Secretary welcomed all guests in the said workshop in the beginning. Further Shri C.B.Pandya, Deputy Secretary made the audience aware about the work done by Gujarat NeVA team and also informed them about salient features of NeVA mobile

application. Presentation regarding technical aspects of NeVA was given by Shri Kannan from N.I.C. Gujarat.



On the first day of the workshop, Shri Sujeetkumar and Ms. Priyanka were present from National NeVA team of Government of India. After giving information to the various modules of NeVA to officers and other staff members of Gujarat Legislative Assembly, Department of Science and Technology, Parliamentary and Legislative Affairs Department, Gujarat Informatics Limited, they explained Question Module, List of Business Module, Paper Laying Module, Notice Paper Module and also demonstrated and explained live demo of data entry for one day.

In Workshop, from Gujarat NeVA team Shri C.B.Pandya, Deputy Secretary; Shri Dinesh Chaudhary, Under Secretary; Shri Pratik Acharya, Section Officer; Shri Sanjay Keshvala, Section Officer; Shri Kannan, Shri Nitin Tatu and Shri Nikunj Prajapati were felicitated by the Hon'ble Speaker Shri Rajendrabhai Trivedi for winning National award for best contribution in NeVA at National Workshop held in New Delhi.

There were 60 Officers including Shri C.J.Gothi, Secretary Parliamentary and Legislative Affairs Department; Shri D.K.Zala, Deputy Director, NIC Gujarat were present in the workshop. At the end of first day of workshop, certificates were distributed amongst the participants and Shri M.I. Mehta, Director, Parliament Bureau thanked all for their participation and making this workshop a successful event.



On second day of workshop, Shri Sujeetkumar & Ms. Priyanka discussed and explained various matters related to Question Modules with the Officers and Staff members of Question Branch of this Assembly. They demonstrated live data entry regarding Notice Paper Module, List of Business etc.. They also discussed various modules of NeVA and procedures of Gujarat assembly with officers of other branches as well.

Dr.Satya Prakash, Mission Leader NeVA and Shri D.M. Patel, Secretary, GLA held discussion with participants of the workshop at the end of the workshop. NeVA would be playing an important role in simplifying procedures of the assembly and is an effort towards strengthening the democracy further were stressed upon by them. At the end of the workshop, all participants of the workshop were distributed certificates, Shri C.B.Pandya, Deputy Secretary thanked all for making the workshop successful and wished for the successful implementation of NeVA and declared end of the workshop. Whole staff of I.T and Bureau Branches toiled really hard to make this workshop a grand success.

## આંગળીના ટેરવે વિધાનસભાની કાર્યવાહી જાણી શકાશે

# હવે ગુજરાત વિધાનસભા પેપરલેસ : MLA ઓનલાઈન પ્રશ્ન પૂછશે, જવાબ પણ જાણી શકશે

અમદાવાદ,સોમવાર

ડિજીટલ ઈન્ડિયાના ભાગરુપે ૪૪ મિશન પ્રોજેક્ટ ચાલી રહ્યા છે જે પૈકી ઈ-સંસદ અને ઈ-વિધાન પ્રોજેક્ટને અંતિમ ઓપ આપવામાં આવ્યો છે. રૂા.૭૪૯ કરોડના ખર્ચે આખોય પ્રોજેક્ટ તૈયાર કરાયો છે. આ ડિઝીટલ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત વિધાનસભાને ય પેપરલેસ જ નહીં, ઓટોમેટેડ બનાવવામાં આવી રહી છે. હવે ધારાસભ્યો ઓનલાઈન પ્રશ્ન જ પૂછી શકશે અને એપ્લિકેશનના માધ્યમથી સરકારી જવાબ જાણી શકશે.

## નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન થકી બિલો, નોટિસ, મેજ પર મૂકાતાં કાગળો કમિટીના રિપોર્ટ ઓનલાઈન જોઈ શકાશે

હાલમાં ધારાસભ્યોને વિધાનસભામાં પ્રશ્ન પૂછવા હોય તો,લેખિત પત્ર લખવો પડે છે.વિધાનસભાના વિભાગીય અધિકારી પણ જે તે વિભાગમાં પ્રશ્ન મોકલાવી જવાબ મંગાવે છે ત્યાર બાદ ધારાસભ્યોને જવાબ મોકલાય છે. પણ હવે આ બધુય કરવાની જરુર નહી પડે. મિનિસ્ટ્રી પાર્લામેન્ટ્રી અફેર્સના જોઈન્ટ સેક્રેટરી ડૉ.સત્યા પ્રકાશે જણાવ્યું કે, નેશનલ ઈ વિધાન એપ્લિકેશન ડાઉનલોડ કરી

**રૂા.૭૪૯ કરોડના ખર્ચે આખોય પ્રોજેક્ટ તૈયાર કરાયો**

ધારાસભ્ય વિધાનસભામાં કોઈપણ પ્રશ્ન ઓનલાઈન પૂછી શકશે.જવાબ જાણી શકશે.એટલુ જ નહીં,નોટિસ પણ આપી શકશે. આ ઉપરાંત અધિકારી પણ જે તે વિભાગમાંથી ઓનલાઈન જ જવાબ મંગાવશે જેથી પત્રવ્યવહારનો ખર્ચ,સમયની ભરપૂર બચત થશે. લોકસભા,રાજ્યસભા કે વિધાનસભામાં કયા કયા વિષય પર પ્રશ્ન

(અનુસંધાન છઠ્ઠે પાને)

### હવે ગુજરાત વિધાનસભા

(છેલ્લા પાનાનું ચાલુ)

પૂછાયાં અને તેના શું જવાબો રજૂ કરાયાં છે તે એક જ ક્લિકમાં જાણી શકાશે.

વિધાનસભામાં શું કાર્યવાહી થઇ,કયા બિલ રજૂ થયાં,ગૃહના મેજ પર કયા કાગળો મૂકાયાં, વિવિધ કમીટીઓના રિપોર્ટ પણ આ એપ્લિકેશનની મદદથી ઘેરબેઠા જાણી શકાશે. આ ઉપરાંત ધારાસભ્યો પોતાના પ્રશ્નના મુદ્દે સ્પિકિંગ ડાયરેક્ટરીથી રાજ્યના જ નહીં,દેશના કોઈપણ અધિકારી સાથે સીધી વાતચીત કરી શકશે. હાલમાં આ એપ્લિકેશન દ્વારા પીએમઓ,લોકસભા,રાજ્યસભા સહિત દેશની ૩૧ વિધાનસભાના અધિકારી ઉપરાંત ૫૩૪૭ ધારાસભ્યો,સાંસદો,મંત્રીઓના નંબર સહિતની વિગતો ઉપલબ્ધ કરવામાં આવી છે. વન નેશન,વન એપ્લિકેશનના સૂત્ર સાથે આખોય પ્રોજેક્ટ હાથ ધરાયો છે. લોકસભા,રાજ્યસભા,વિધાનસભાને પેપરલેસ,ઓટોમેટેડ બનાવવા ખાસ સોફ્ટવેર બનાવાયુ છે.ભારત સરકારના સંસદીય કાર્ય મંત્રાલયના બે આઈટી નિષ્ણાતો ગાંધીનગરમાં વર્કશોપમાં ગુજરાતના ટોચના અધિકારીઓને તાલીમ આપી રહ્યાં છે. ગુજરાત વિધાનસભાને પેપરલેસ બનાવવા તૈયારીઓ શરુ થઈ ચૂકી છે.